# ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનનો ત્રિમાસિક નફો વધ્યો

નવી દિલ્હી: ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિનો ડિસેમ્બર 2022ને અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં નફો ₹95 કરોડ થયો હતો જે આગલા વર્ષના સમાન ગાળામાં ₹78 કરોડ રહેતાં 23 ટકા વધ્યો હતો. આ ગાળામાં આવક 16 ટકા વધીને ₹881 કરોડની થઈ હતી. જ્યારે કંપનીએ ચાલુ નાણાકિય વર્ષના પ્રથમ નવ મહિનામાં ₹229 કરોડનો કર્યો હતો જે આગલા વર્ષના સમાન ગાળામાં ₹194 કરોડ હતો. મેનેજિંગ ડિરેક્ટર વિનીત અગ્રવાલે જણાવ્યું હતું તમામ બિઝનેસ સેગમેન્ટ્સે અપેક્ષાઓ અનુસાર સંતોષકારક પરિણામો આપ્યા છે.